# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદની કાયદાકીય જંગમાં ભાજપ સામે કોંગ્રેસે પોતાનો વિજય ગણાવ્યો**

# આણંદ જિ.પંચાયત પ્રમુખ પદ : ભાજપે પિટિશન પરત ખેંચી

**કોંગ્રેસના ગૌરીબેન** તડવી માટે પ્રમુખ પદનો માર્ગ મોકળો થયો : ભરતસિંહ

**મયુરીબેન જ પ્રમુખ** રહેશે : સંજયભાઈ પટેલ

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદ જિલ્લા પંચાયતમાં ૩૩ બેઠકો સાથે પ્રચંડ બહુમતી ધરાવતા ભાજપને પ્રમુખ પદના મામલે ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવવાનો વારો આવ્યો છે. એસસી/એસટી મહિલા માટે અનામત એવી પ્રમુખની ખુરશી મેળવવા માટે ભાજપે કરેલા કાયદાકીય પેંતરાઓ હાઈકોર્ટમાં નિષ્ફળ જતાં, અંતે ભાજપે પોતાની પિટિશન પરત ખેંચી લેવાની ફરજ પડી છે. આ ઘટનાક્રમ સાથે જ માત્ર ૭ બેઠકો ધરાવતી કોંગ્રેસ માટે પ્રમુખ પદ કબજે કરવાનો માર્ગ સાફ થઈ ગયો છે, જે ભાજપ માટે મોટા રાજકીય આંચકા સમાન માનવામાં આવે છે.

આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૪૦ બેઠકોમાંથી ભાજપે ૩૩ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હતો, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૭ બેઠકો આવી હતી. જોકે, જ્યારે પ્રમુખ પદ માટે એસસી/એસટી મહિલા ઉમેદવારની પસંદગી કરવાની આવી ત્યારે વિવાદ વકર્યો હતો. કોંગ્રેસ પાસે હાડગુડ બેઠક પરથી વિજેતા બનેલા એકમાત્ર ગૌરીબેન તડવી અનામત કેટેગરીના ઉમેદવાર હતાં.



બીજી તરફ, ભાજપ દ્વારા મહારાષ્ટ્રના મૂળ આદિજાતિના પરંતુ સારસા સામાન્ય બેઠક પરથી ચૂંટણી લડેલા મયુરીબેન પટેલનું નામાંકન પત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ફોર્મ ચકાસણી દરમિયાન મયુરીબેનનું ફોર્મ અમાન્ય ઠરતા મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટે સ્ટે આપીને ભાજપના ઉમેદવારનું ફોર્મ માન્ય રાખતા તેઓ પ્રમુખ પદે બિરાજ્યા હતા, પરંતુ કાયદાકીય લડત ચાલુ હતી. આ મામલે આજે જ્યારે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી, ત્યારે ભાજપ દ્વારા અચાનક જ પોતાની પિટિશન પરત ખેંચી લેવામાં આવી હતી. ભાજપના આ પીછેહઠના નિર્ણયથી રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. પિટિશન પરત ખેંચાતા હવે કોંગ્રેસના ઉમેદવાર માટે સત્તાના દ્વાર ખુલી ગયા છે.

### ભાજપે સત્તાના જોરે કરેલો અન્યાય ટક્યો નહીં



‘આણંદ જિલ્લા પંચાયતના ચૂંટણી અધિકારીએ હાડગુડ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેનનું ફોર્મ મંજૂર કર્યું હતું, જ્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારનું ફોર્મ રિજેક્ટ કર્યું હતું. ભાજપે આ નિર્ણય સામે હાઈકોર્ટમાં જઈ સ્ટે મેળવ્યો હતો, પરંતુ હવે ભાજપે પોતાની પિટિશન પાછી ખેંચી લીધી છે. આ સંજોગોમાં ગૌરીબેનનું ઉમેદવારી પત્રક યથાવત રહેતા, તેઓ હવે જિલ્લા પંચાયતના નવા પ્રમુખ બનશે. આ ઘટના લોકશાહી, ન્યાયતંત્ર અને પંચાયતી રાજનો જ્વલંત વિજય છે. આગામી એક-બે દિવસમાં જ ગૌરીબેનની સત્તાવાર નિમણૂક કરવામાં આવશે.’ **- ભરતસિંહ સોલંકી, પૂર્વ કેન્દ્રિય મંત્રી.**

રાજકીય પંડિતો માની રહ્યા છે કે, ભાજપે સરળતાથી પિટિશન પરત ખેંચી તેની પાછળ કોઈ મોટી રાજકીય રમત હોઈ શકે છે.પિટિશન પરત ખેંચાતા જિલ્લાના રાજકારણમાં મોટા ‘નવાજૂની’ ના એંધાણ પણ વર્તાઈ રહ્યા છે. હાલ સંપૂર્ણ મદાર કોર્ટના જજમેન્ટ પર રહેલો છે.

### પ્રમુખ તરીકે મયુરીબેન પટેલ જ કાર્યરત રહેશે

‘ભાજપના ઉમેદવારનું ફોર્મ ડીડીઓ દ્વારા રદ કરવામાં આવ્યા બાદ, ભાજપ દ્વારા હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ પીટીશન મંજૂર કરી ઉમેદવારનું ફોર્મ માન્ય રાખવાનો હુકમ કર્યો હતો, જેના પગલે ચૂંટણી યોજાઈ અને ભાજપના ઉમેદવાર મયુરીબેન વિજેતા બની પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યો છે. હવે જ્યારે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ઉમેદવાર વિજયી બન્યા છે, ત્યારે પીટીશનર (ભાજપના ઉમેદવાર) દ્વારા હાઈકોર્ટ સમક્ષ આ કેસ ચલાવવાનો હવે કોઈ અર્થ ન હોવાનું જણાવી પીટીશન પરત ખેંચવાની પરવાનગી માંગવામાં આવી હતી. કોર્ટે અરજદારના અધિકારને ધ્યાને રાખી કોઈ પણ વધારાના હુકમ વગર પીટીશન પરત ખેંચવાની મંજૂરી આપી દીધી છે. બીજી તરફ, કોંગ્રેસ દ્વારા આ બાબતને ગેરસમજ પૂર્વક રજૂ કરવામાં આવી છે. કોંગ્રેસનું એવું માનવું છે કે ભાજપે પીટીશન પરત ખેંચી તેનો અર્થ એ છે કે તેમનું ફોર્મ ખોટું હતું, પરંતુ જાણકારોના મતે આ માત્ર કાનૂની ગેરસમજ છે. વાસ્તવમાં, કોંગ્રેસે આ ચૂંટણી પરિણામ કે ફોર્મ રદ કરવા સામે કોઈ સ્વતંત્ર ઇલેક્શન પીટીશન કે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી નથી. હાલની સ્થિતિએ મયુરીબેન જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે કાર્યરત રહેશે અને કોંગ્રેસે હવે જો કોઈ વાંધો હોય તો નવેસરથી કાનૂની રસ્તો અપનાવવો પડશે. આમ, પીટીશન પરત ખેંચાતા હવે ભાજપના ઉમેદવાર વિરુદ્ધ કોઈ પણ કાનૂની વિવાદ પેન્ડિંગ રહ્યો નથી.’ **- સંજયભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ, આણંદ.**

# વાસદ પાસે બે ટુ વ્હીલર અથડાતાં એકનું મોત

**વાસદ-હાડગુડ રોડ** પર અકસ્માતમાં રાજસ્થાની યુવકે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ જિલ્લાના વાસદ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વડોદથી હાડગુડ રોડ પર એમ.કે. ગેસ ગોડાઉન સામે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં પૂરઝડપે આવી રહેલા એક મોપેડ ચાલકે સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા બાઈક સવાર યુવકનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના વતની અને હાલ બોરસદના દાવોલ ગામે મજૂરી કામ કરતા ખેતારામ ભગાજી ભીલ રાત્રિના સાડા આઠેક વાગ્યાના સુમારે પોતાની મોટરસાયકલ (નંબર GJ-06-SJ-9967) લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હાડગુડ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા મોપેડના ચાલકે તેમની બાઈકને સામેથી ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

આ ટક્કર એટલી ભયાનક હતી કે ખેતારામને માથા અને નાકના ભાગે ગંભીર ઈજાઓ થતા વધુ પડતું લોહી વહી જવાથી તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અકસ્માત સર્જનાર મોપેડ ચાલક પણ ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે. વાસદ પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે વાસદ સી.એચ.સી. ખાતે મોકલી આપી છે અને મોપેડ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ટ્રાફિક ડાયવર્ટ કરવા ઉગ્ર માંગ | સવારે ૧૧થી ૧૨ ટ્રાફિક ડાયવર્ટ કરવા પ્રાંત અધિકારીને રજૂઆત**

# ખેડામાં શાળા છૂટતા જ કાળમુખા ટ્રેલરે માસૂમ વિદ્યાર્થીને હડફેટે લેતા ગંભીર

**ધોરણ 7ના વિદ્યાર્થીના** પગ પર ટ્રેલરનું વ્હીલ ફરી વળ્યું

(પ્રતિનિધિ) ખેડા તા. ૧૬

ખેડાના મહેમદાવાદ રોડ પર આવેલી એચ એન્ડ ડી પારેખ હાઈસ્કૂલ પાસે મંગળવાર શાળા છૂટવાના સમયે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. શાળાએથી સાઈકલ પર ઘરે જઈ રહેલા ધોરણ ૭ના માસૂમ વિદ્યાર્થી પર ભારેભરખમ ટ્રેલરનું પાછલું પૈડું ફરી વળતા ગંભીર ઈજાઓ પહોંચી છે.



મળેલી માહિતી મુજબ, ખેડા એચ એન્ડ ડી પારેખ હાઈસ્કૂલમાં ધોરણ ૭માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મલેક અલીમહંમદ સફી મહંમદ શાળા છૂટ્યા બાદ પોતાની સાઈકલ પર ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન ખેડા ચોકડીથી મહેમદાવાદ તરફ જઈ રહેલા એક ટ્રેલરના પાછલા વ્હીલમાં વિદ્યાર્થીનો પગ આવી જતાં તે લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક તેને ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ શાળાના આચાર્ય અને શિક્ષકો પણ હોસ્પિટલ દોડી ગયા હતા, પરંતુ ઈજાની ગંભીરતા જોતા વિદ્યાર્થીને વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે.

### નગરસેવકે તંત્ર સમક્ષ ડાયવર્ઝનની માંગ કરી

આ દુર્ઘટના બાદ શાળાના પ્રિન્સિપાલ રાજુભાઈ ગૌસ્વામી અને કાઉન્સિલર દિનેશ રાઠોડે તાત્કાલિક ખેડા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી, ભવિષ્યમાં આવી કોઈ ગંભીર દુર્ઘટના ન બને તે માટે જ્યારે શાળા છૂટવાનો સમય હોય, એટલે કે સવારે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી, ટ્રાફિકને વિઠ્ઠલપુરાથી ખેડા કેમ્પ તરફ ડાયવર્ટ કરવામાં આવે. આ ડાયવર્ઝનથી વિદ્યાર્થીઓનો જીવ જોખમાતો અટકાવી શકાશે.

**એક્સપ્રેસ હાઈવે પર ભયાનક અકસ્માત**

# ગાડી પાછળ બોલેરો ઘૂસી જતા ક્લીનરનું મોત

**વાઠવાડી પાસે** સર્વિસ રોડ પર સર્જાયેલી દુર્ઘટનામાં ઘવાયેલો ડ્રાઈવર સારવાર હેઠળ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વાઠવાડી નજીક ગત રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર બ્રેક-ડાઉન થઈને ઉભેલી એક ગાડી પાછળ બોલેરો પીકઅપ ધડાકાભેર અથડાતા ક્લીનરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે ડ્રાઈવરને ઈજા પહોંચી હતી.

મહારાષ્ટ્રના નાસિકના રહેવાસી શાહિદ જાવેદભાઈ શેખ અને ક્લીનર સુનિલ રાઠોડ બોલેરો પીકઅપમાં અમદાવાદ ચિકન સપ્લાય કરીને પરત નાસિક જઈ રહ્યા હતા. આ દરમિયાન વાઠવાડી નજીક સર્વિસ રોડ પર એક ગાડી બ્રેક-ડાઉન હાલતમાં ઉભી હતી. બોલેરોની પાછળ આવતી અન્ય એક ગાડીએ સાઈડ દબાવતા, ડ્રાઈવર શાહિદ શેખે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બોલેરો સીધી જ ઉભેલી ગાડી પાછળ ઘૂસી ગઈ હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરોની કેબિનનો ભુક્કો બોલાઈ ગયો હતો. આ અકસ્માતમાં ૪૫ વર્ષીય સુનિલભાઈ રાઠોડનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે ઈજાગ્રસ્ત શાહિદને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ મામલે અલ્તાફ બાબુભાઈ ઈનામદારની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**વાસદથી તારાપુરનું 48 કિમીનું અંતર કાપવામાં ટ્રકે 7 કલાક લેતા વેપારીને શંકા ગઈ**

# તારાપુર પાસે વીમો પકવવા ₹૪૦ લાખનું રૂ સગેવગે કરી ટ્રક સળગાવી

**તારાપુર પોલીસે** ડ્રાઈવર - માલિક સહિત 6 સામે ગુનો દાખલ કર્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૬

તારાપુર-વટામણ હાઈવે પર ઈસરવાડા બ્રિજ પાસે ગત ફેબ્રુઆરી માસમાં ટ્રકમાં લાગેલી આગ એ કોઈ અકસ્માત નહીં, પરંતુ કરોડો રૂપિયાનો વીમો મેળવવા અને કિંમતી માલ સગેવગે કરવાનું એક પૂર્વયોજિત કાવતરું હોવાનો પર્દાફાશ થયો છે. મધ્યપ્રદેશના એક જાગૃત વેપારીની શંકા અને પોલીસની ઊંડી તપાસના અંતે ટ્રક માલિક અને ડ્રાઈવર સહિત 6 શખ્સો વિરુદ્ધ છેતરપિંડી અને ગુનાહિત કાવતરાની ફરિયાદ નોંધવામાં આવી છે.

આ બનાવની વિગત મુજબ, તિરૂપતિ ટ્રેડિંગ કંપનીના માલિક દિનેશભાઈ ચૌહાણે મહારાષ્ટ્રથી 40,45,૭૨૨/- ની કિંમતની રૂની 150 ગાંસડીઓ ટ્રક મારફતે રાજુલા મોકલી હતી. 9 ફેબ્રુઆરીના રોજ આ ટ્રક સળગી ગઈ હોવાના સમાચાર મળ્યા હતા, પરંતુ વાસદ ટોલનાકાથી તારાપુર વચ્ચેનું માત્ર 48 કિમીનું અંતર કાપવામાં ટ્રકે અસાધારણ રીતે 7 કલાકનો સમય લીધો હોવાથી વેપારીને શંકા ગઈ હતી. આ ઘટનાસ્થળના વિડીયોમાં માત્ર 4-5 ગાંસડીઓ જ સળગતી હોવાનું દેખાતા અને ટ્રકના બમ્પર પર અકસ્માતના કોઈ નિશાન ન હોવાથી આખું કૌભાંડ બહાર આવ્યું હતું.

પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે આરોપીઓએ હાઈવે પર જ અસલી માલ નાના વાહનોમાં ટ્રાન્સફર કરી અન્ય ફેક્ટરીઓમાં વેચી દીધો હતો. બાદમાં ટ્રકનો 25 લાખનો ઓવર-વેલ્યુએશન વાળો વીમો મેળવવા માટે તેમાં નકામો કચરો ભરીને આગ ચાંપી દીધી હતી. આટલું ઓછું હોય તેમ, માલ ક્યાં છે ? તે બતાવવાના બહાને આરોપીઓએ વેપારી પાસેથી વધારાના 1 લાખ પણ પડાવી લીધા હતા. હાલ તારાપુર પોલીસે ટ્રક માલિક કાશીદ શેખ, વસીમ મન્સુરી અને ડ્રાઈવર કૈલાશ જમારે સહિતના શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બોગસ ડિગ્રીના આધારે ચલાવતું ક્લિનિક પકડાયું

**મેરઠ યુનિવર્સિટીની** નકલી ડિગ્રી ધરાવતા બે ભાઈ સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૬

ખંભાત તાલુકાના નગરા ગામમાં દરોડો પાડીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બે બોગસ ડૉક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા છે. કોઈપણ માન્ય ડિગ્રી વિના ગેરકાયદેસર રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરતા આ શખ્સોની ડિગ્રી યુનિવર્સિટી વેરિફિકેશનમાં નકલી સાબિત થઈ છે.

ખંભાતના નગરા ગામે ભાથીજી ફળીયા પાસે ‘ભાથીજી ક્લિનિક’ નામે દવાખાનું ચલાવતા અર્જુન નગીનભાઈ મકવાણા અને તેનો ભાઈ સંજય મકવાણા કોઈપણ અધિકૃત લાયકાત વિના દર્દીઓને એલોપેથિક દવાઓ તથા ઈન્જેક્શન આપી રહ્યા હોવાની બાતમી મળી હતી. પોલીસના દરોડા દરમિયાન ક્લિનિકમાંથી રૂપિયા 18,920ની કિંમતની એલોપેથિક દવાઓ અને તબીબી સાધનો મળી આવ્યા હતા, જે જપ્ત કરવામાં આવ્યા છે.

આ તપાસ દરમિયાન અર્જુન મકવાણાએ ચૌધરી ચરણસિંહ વિશ્વવિદ્યાલય, મેરઠ (ઉત્તર પ્રદેશ)ની આયુર્વેદિક (B.A.M.S.) ડિગ્રી રજૂ કરી હતી. જો કે, પોલીસે આ સર્ટિફિકેટ વેરિફિકેશન માટે યુનિવર્સિટી મોકલાવતા તે તદ્દન બોગસ હોવાનું બહાર આવ્યું હતું. યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રારે પુષ્ટિ કરી હતી કે આ ડિગ્રી તેમના સત્તાવાર રેકોર્ડ સાથે મેળ ખાતી નથી. હાલ ખંભાત રૂરલ પોલીસે બંને ભાઈઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**આણંદમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ આરટીઓની લાલ આંખ**

# આણંદ જિ.માં ઓવરલોડ વાહનો પાસેથી ૩૯.૮૬ લાખ દંડ વસુલાયો

**આરટીઓએ ૫,૪૧૯** વાહન ચાલકોને નિયમ ભંગ બદલ ૧.૬૨ કરોડનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૬

આણંદ જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને વાહનચાલકોની સુરક્ષા વધારવા માટે જિલ્લા કલેક્ટરના નેતૃત્વમાં આરટીઓ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા હજારો વાહનચાલકો સામે શિક્ષાત્મક પગલાં ભરી કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આણંદ જિલ્લામાં માર્ગ સલામતી જાળવવા અને નાગરિકોની મુસાફરી સુરક્ષિત બનાવવા માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાતી માસિક ‘માર્ગ સલામતી બેઠક’ માં લેવાયેલા કડક નિર્ણયોને પગલે આર.ટી.ઓ. વિભાગ દ્વારા વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન, આર.ટી.ઓ. દ્વારા કુલ ૫,૪૧૯ વાહનોને ડિટેઈન અથવા દંડિત કરવામાં આવ્યા છે, જેની પાસેથી કુલ રૂપિયા ૧.૬૨ કરોડથી વધુની માતબર રકમ દંડ પેટે વસૂલવામાં આવી છે. ખાસ કરીને માલવાહક વાહનોમાં ક્ષમતા કરતા વધુ સામાન ભરનારા ઓવરલોડ વાહનો સામે કડકાઈ દાખવતા, તંત્ર દ્વારા રૂપિયા ૩૯.૮૬ લાખથી વધુનો દંડ માત્ર આ કેટેગરીમાં ફટકારવામાં આવ્યો છે.

માત્ર આર્થિક દંડ જ નહીં, પરંતુ ગંભીર બેદરકારી દાખવનારા ચાલકો સામે પણ આકરા પગલાં લેવાયા છે. ખાસ કરીને અકસ્માત માટે જવાબદાર હોય તેવા ૧૬ વાહનચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ છેલ્લા ૩ માસમાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા અકસ્માત સર્જાતા હોય તેવા ચોક્કસ સ્થળો એટલે કે ‘બ્લેક સ્પોટ’ ની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી રહી છે. આ સ્થળો પર માર્ગ માલિકી ધરાવતી એજન્સીઓ દ્વારા જરૂરી સુધારાત્મક કામગીરી તાકીદે હાથ ધરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં થતી ગંભીર બેદરકારી અને જાનહાનિ અટકાવી શકાય તેમ છે.

# બીવીએમની ‘ ગ્રેજ્યુએશન સેરેમની ’માં ૬૩૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત

**ઘનશ્યામદાસ** બિરલાના દાનથી 1948માં બીવીએમ કોલેજની સ્થાપના કરાઇ હતી

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૬

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયએ તેના ૭૯માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરી હતી. આ અવસરે સંસ્થાના ઈતિહાસમાં પ્રથમવાર ગ્રેજ્યુએશન સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષોની પરંપરામાં નવો અધ્યાય ઉમેરતા ૬૩૪ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર પટેલના માર્ગદર્શન અને ઘનશ્યામદાસ બિરલાના દાનથી ૧૪ જૂન ૧૯૪૮ના રોજ સ્થાપિત બીવીએમ કોલેજે સફળતાના ૭૮ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઇ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ




અને ધારાસભ્ય યોગેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો દ્વારા ફાઉન્ડેશન સ્ટોનની પૂજા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે આ દિવસને ઐતિહાસિક ગણાવતા વિદ્યાર્થીઓમાં નોલેજ અને માનવીય મૂલ્યોના સમન્વય પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ અને રાઈનો મશીન્સના સહયોગથી તૈયાર થયેલ તથા વિદ્યાર્થીની ભક્તિ પટેલ દ્વારા ડિઝાઈન કરાયેલ પ્લાસ્ટિક શ્રેડરનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. પદવીદાન સમારોહમાં દરેક બ્રાન્ચના ટોપ-5 તેજસ્વી તારલાઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ આપી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને ‘સોશિયલી રિસ્પોન્સિબલ સીટીઝન’ બનવા પ્રોત્સાહિત કર્યા હતાં. જ્યારે સીવીએમના અધ્યક્ષ ભીખુભાઇ પટેલે પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે બીવીએમના એન્જિનિયરો આજે વિશ્વ સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે. આ કાર્યક્રમના અંતે બીવીએમ એલ્યુમની એસોસિએશન દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**